વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# PANCHSHIL

અંક : 130 | વર્ષ : 12 | સપ્ટેમ્બર : 2024 | પેઈઝ : 31
સંપાદક : ડૉ. ડી. કે. વાડોદરિયા | સંયોજક : સાક્ષી વાડોદરિયા




।। नंद घर आनंद भयो, जय कन्हैया लाल की
हाथी घोडा पालकी, जय कन्हैया लाल की ।।

શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. | મો: 8866110011
web: www.panchshilschool.edu.in | Email: info@panchshilschool.edu.in





"ચિન્ટુ.... હવે જો તે તોફાન કર્યા છે ને તો તારો વારો કાઢી નાખીશ..." ચિન્ટુ તોફાન કરે એટલે એના મમ્મી એના પર આમ જ બરાડે અને ચિન્ટુ જાય સીધો દાદીમાના ખોળામાં. એને વિશ્વાસ હોયઆ ખોળામાં એને કોઈ કાંઈ નહીં કરી શકે. ચિન્ટુ દાદીમાનો બહુ લાડકો. રાત્રે ચિન્ટુ સુવે નહીં ને દાદીમાને સુવા પણ ન દે અને જીદ કરે વાર્તા સાંભળવાની. દાદીમાં પૂછે "મારા ચિન્ટુને કઈ વાર્તા સંભળાવું ?" ચિન્ટુ જવાબ આપે "ઓલી.... જંગલ વાળી...." એટલે દાદીમા એમના અંદાજમાં વાર્તા શરૂ કરે....

એક જંગલ ને નામ એનું અમરવન... બહું અલબેલું ને અદભૂત આ વન...
એમાં રહે કંઈ કેટલી જાતના પ્રાણી... રાત પતે વાત ન પતે એટલી કહાણી...
હાથી, હરણ, સિંહ વાઘની ગર્જના... વળી નદીમાં ઘર છે માછલી–મગરના....
ભાલુ ઉંઘતુ ને સસલા આમતેમ ભાગે.... ઘુવડ સુવા જાય ને બીજા પંખી જાગે....
જીવડા રાત્રે બોલે પોપટ પાડે સવાર... કૂદાકૂદ કરતા વાંદરાઓનો નહીં પાર...

આ જંગલમાં હાથીદાદા સૌથી સમજદાર, સવાર પડેને હાથીદાદાની શાળા શરૂ થઈ જાય, બધા બાળકો એમની પાસે ભણવા જાય. સસલું, હરણ, વાંદરા, કાચબા, પોપટ, કાબર બધા, હાથીદાદા નાના બાળકોને જાત જાતની વાતો કરે જાત જાતનું જ્ઞાન શીખવે.

આટલા પ્રાણીમાં હાથીદાદા સમજદાર... બાળકોને ભણાવે પડતા વહેલી સવાર...
બાળકોને લખતા અને વાંચતા શીખવે... એક, બે, ત્રણ... કરી ગણતા શીખવે...

પણ આ વખતે હાથીદાદાની શાળામાં, એક તોફાની વાંદરો આવી ગયો હતો. ને એ વાંદરાનું નામ હતું "ચિન્ટુ" બધાને પરેશાન કરી નાંખે. કોઈને જંપીને બેસવા ન દે. બધા એનાથી ત્રાસી ગયા હતા. બધા એના પર ચીડાય અને એની સાથે બોલે નહીં. એટલે એ વધારે તોફાન કરે.

એક વાંદરો તોફાની ચિન્ટુ એનું નામ.... બસ તોફાન મસ્તી કરવા એનું કામ...
ચિન્ટુ ભાઈ ભારે તોફાની ભારે તોફાની... કોઈને તપલી મારે ખેંચે પૂંછ છાનીમાની...
કોઈ પર ઉડાડી ભાગે પાણીના છાંટા... કોઈને કહે લાંબાને કોઈને કહે નાટા...

હાથીદાદા ચિન્ટુને લીધે ખૂબ ચિંતામાં રહેતા. એ કોઈને બરાબર ભણવા ન દેતો. એ તોફાની હતો એટલે કોઈ એની સાથે રહેતું નહીં એટલે એ વધારે ચીડાતો. હાથીદાદાને એના તોફાનની ચિંતા નહોતી એમને ચિંતા હતી કે ચિન્ટુના કયારેય મિત્ર નહીં બને તો એ બગડી જશે. ક્રોધી અને ચીડિયો થઈ જશે અને કાયમ મુંઝાયે રાખશે. હવે હાથીદાદાએ એક યુકિત વિચારી.



બીજા દિવસે જયારે શાળા શરૂ થઈ. ત્યારે હાથીદાદાએ ચિન્ટુને કહ્યું "બેટા...પહેલા આંબાના ડાળ પર ચકલીબેન રહે છે ને....એમને પાંખ પર વાગ્યું છે. જા તો એમને આટલા ચોખા અને પાણી આપી આવ" ચિન્ટુ તો ચોખાની પોટલી અને ગળામાં પાણીની બોટલ લઈ તૈયાર થયો અને ગયો ચકલીબેન પાસે. ચકલીબેન તો ચોખા અને પાણી જોઈને રાજી રાજી થઈ ગયા. એમને રાજી જોઈ ચિન્ટુને પહેલી વાર એ લોકોને હેરાન કરતો એનાથી પણ વધુ મજા આવી. પછી તો હાથીદાદા એને કોઈકની ને કોઈકની મદદ કરવા કહે. કોઈ માટે ફળ ભેગા કરે, કોઈ માટે તણખલા, કોઈને ઝાડ પર ચઢ તા શીખવે કોઈને ઉતરતા. એને બધાની મદદ કરવાની ખૂબ મજા આવતી. હવે એ શાળામાં પણ બધાની મદદ કરતો કોઈ પેન્સિલ રબર ભૂલી જાય તો એને એ આપે કોઈને નાસ્તો આપે. હવે એને ખબર પડી ગઈ કે બીજાને સુખ આપવાથી જ આપણને સુખ મળે. હવે શાળાના બધા બાળકો એના મિત્ર બની ગયા. ને હાથીદાદાને હાશ થઈ.

આમ દાદીમા વાર્તા પૂરી કરે. ને એમના ચિન્ટુને ખાતરી થાય કે બધાને સુખ આપવું. ચિન્ટુ મોટેથી બરાડે "દાદીમા પછી ?" , દાદીમા કહે "પછી શું"

**હાથીદાદાએ ચિન્ટુને સેવાનું કામ દીધું...**
**પછી બધાએ ખાધુ–પીધું ને રાજ કીધું...**

## ઉત્તર ધ્રુવપ્રદેશ / Arctic કરતાં દક્ષિણ ધ્રુવપ્રદેશ / Antarctica પર વધુ બરફ કેમ છે ?



એન્ટાર્કટિકા અને આર્કટિક વચ્ચેનો જાણીતો તફાવત એ કે આર્કટિકનો બરફ સમુદ્રજળ થીજયાને લીધે રચાયો છે, જયારે એન્ટાર્કટિકા બરફની ચાદર ઓઢેલો ખંડ છે. ચાદરને બદલે ધાબળો કહી શકો, કેમ કે તેની સરેરાશ જાડાઈ ૨,૧૬૦ મીટર અને મહતમ જાડાઈ ૪,૭૭૬ મીટર છે. ફેલાવો ૧.૪ કરોડ ચોરસ કિલોમીટર છે.




પાણીની તુલનાએ જમીન (પ્રસ્તુત કેસમાં એન્ટાર્કટિકાની જમીન) બહુ ઓછા પ્રમાણમાં ઉષ્માસંચય કરે છે. ઉષ્મા મળે કે તરત તેને ઉત્સર્જિત કરી નાંખે છે. આ કારણસર બર્ફસ્તાન એન્ટાર્કટિકા પર વાતાવરણનું તાપમાન ઘણું નીચું રહે છે. સૌથી નીચું ત્યાં શૂન્ય નીચે 89.20 સેલ્શિયસ નોંધાયું છે.



બીજી તરફ ઉત્તર ધ્રુવપ્રદેશમાં એટલે કે આર્કટિકમાં સંજોગો જુદા છે. જમીન નથી, દરિયાનું પાણી જ થીજીને બરફ થયું છે. ઉષ્માસંચય કરવામાં પાણી બેમિસાલ છે. એક કિલોગ્રામ તાંબાનું ટેમ્પ્રેચર ૧૦ સેલ્શિયસ જેટલું વધારવું હોય તો એ માટે ૩૮૫ જૂલ/Joule ગરમી કાફી છે, પરંતુ ૧ કિલોગ્રામ પાણી ૪,૧૮૪ જૂલ ગરમી આત્મસાત ન કરે ત્યાં સુધી તેનું ટેમ્પ્રેચર ૧ સેલ્શિયસ જેટલું વધે નહિ.

આ સરખામણીના અનુસંધાનમાં હવે પ્રશ્નનો જવાબ સ્પષ્ટ થાય છે. ઉનાળા દરમ્યાન ઉત્તર ધ્રુવપ્રદેશના યાને આર્કટિકના સમુદ્રજળે સારી એવી ગરમી પચાવી હોય, જે 'બચત'ને તે શિયાળા વખતે ખર્ચે છે. શિયાળામાં તે કારણસર જાજું પાણી થીજતું નથી. એન્ટાર્કટિકા પર એટલે જ આર્કટિકની (ઉતર ધ્રુવપ્રદેશની) તુલનાએ આઠ ગણો વધુ બરફ જમા થયો છે. અલબત્ત, કુહાડા પર પગ મારવાની જીદે ચડેલી માનવજાત તેને સલામત રહેવા દે તેમ નથી.

## નાસાના James Webb Space Telescope ના સેન્સર્સે ઉકળતો સમુદ્ર ધરાવતો exoplanet / બાહ્યવકાશી ગ્રહ થોડા વખત પહેલાં શોધી કાઢયો. આ ગ્રહ પર જીવસૃષ્ટિ હોવાની શકયતા ખરી ?



ટેલિસ્કોપે ચીંધી બતાવેલો TOI-270d લગભગ ૭૦ પ્રકાશવર્ષના અંતરે છે. (જુઓ કલ્પનાચિત્ર). પૃથ્વી કરતાં બમણા વ્યાસનો છે. શોધ મહત્વપૂર્ણ લેખાય, કેમ કે exoplanets / બાહ્યાવકાશી ગ્રહોમાં પુષ્કળ વૈવિધ્ય હોવાની ખગોળનિષ્ણાંતોને ફરી પ્રતીતિ થવા પામી છે એટલું જ નહિ, પણ TOI-270d ગ્રહે ડ્રામેટિક રીતે કરાવી છે. ટેલિસ્કોપના spectrophotometer / બાહ્યાવકાશી દ્વારા જાણવા મળ્યું તેમ ગ્રહનું વાતાવરણ હાઈડ્રોજન વાયુનું બનેલું છે. અમુક માત્રામાં કાર્બન ડાયોકસાઈડ, વરાળ અને મિથેન પણ છે.

શોધ મહત્વની ખરી, પરંતુ જેમ્સ વેબ ટેલિસ્કોપે આપેલી માહિતીની સચોટતા અંગે બધા ખગોળનિષ્ણાંતો સહમત નથી. દા.ત. ઉત્કલન બિન્દુ 100 સેલ્શિયસ હોવાનો મતલબ એ ન કરાય કે ગ્રહ પરના સમુદ્રજળનું તાપમાન 100 જ હોવું જોઈએ. સૈંકડોને બદલે હજારો અંશ સેલ્શિયસ હોય એવું પણ કદાચ બને. (વિજ્ઞાનીઓના અમુક વર્ગ 40000 સેલ્શિયસ લેખાવે છે.) જીવસૃષ્ટિ છે કે કેમ તેનું પણ અનુમાન કરી શકાય તેમ નથી. પૃથ્વી પરનો સૌથી વધુ સહનશકિત ધરાવતો સજીવ ડઈપ મીલીમીટર લાંબો Tardigrade છે, જેને કિરણોત્સર્ગ, ખદખદતું પાણી, ભૂખમરો, બર્ફીલી ઠંડી, સખત દબાણ વગેરે મારી શકતાં નથી. આ બારીક સજીવના નસીબમાં જાણે કે અમરપટો લખાયો છે, પરંતુ TOI-270d પરના સાગરજળમાં Tardigrade અથવા તેના કરતાં વધુ 'ખડતલ' સજીવો હોવાને ખાસ સંભવ નથી. અમુક ખગોળશાસ્ત્રીઓ તો તે ગ્રહ પર સમુદ્ર હોવા બાબતે પણ શંકાશીલ છે. વાતાવરણમાં પાણીની વરાળ હોવી તે સમુદ્રના અસ્તિત્વનો પુરાવો નથી.

આજ સુધીમાં ૫,૬૨૦ બાહ્યાવકાશી ગ્રહો મળી આવ્યા છે. જેમાંનો એકેય પૃથ્વીનો માસીનો દીકરો ભાઈ જણાતો નથી. પૃથ્વીની બાબતે આદિકાળમાં ઘણા બધા સુખદ અકસ્માતો થયા અને સકારાત્મક યોગો ગોઠવાયા ત્યારે તે જીવનનો ધબકાર પામી છે.

# ઊતારુ જેટ વિમાનોને પૂરેપૂરા કેમ રંગવામાં આવતાં નથી ?
# રંગવા માટે સાદો ઓઈલ પેઈન્ટ વપરાય છે કે ખાસ પ્રકારનો બીજો કોઈ ?



વિમાનનું માળખું એલ્યુમિનિયમ–ટીટાનિયમની મિશ્રધાતુ/ alloy નું બનેલું હોય છે. ધાતુનું corrosion / ક્ષારણ ન થાય એ માટે તેને રંગવાનું જરૂરી છે. વિમાન ૩૫,૦૦૦ ફીટના સ્તરે ઊડતું હોય ત્યાં હવાનું તાપમાન શૂન્ય નીચે 500 સેલ્શિયસ વરતાય, તો એરપોર્ટના ટર્મિનલ પાર્ક થયેલું રહે ત્યાં ટેમ્પ્રેચર ક્યારેક 400-420 હોય છે.

વિષમ માત્રાના આવા ફેરફારો સામાન્ય ઓઈલ પેઈન્ટને લાંબો સમય ટકવા ન દે. આથી દરેક પેસેન્જર જેટને પહેલાં epoxy primer વડે રંગવાનો ધારો છે. આ રંગ પર polyurethene નો બીજો અને તેનો જ ત્રીજો હાથ મારવામાં આવે છે. બને ત્યાં સુધી સફેદ રંગ પસંદ કરાય છે. રંગીન પેઈન્ટ કરતાં સફેદ પેઈન્ટનું વજન સહેજ ઓછું, કેમ કે તેમાં pigments / રંગદ્રવ્યો હોતાં નથી. સફેદ રંગ જલદી 'ઊડી' પણ જતો નથી.

| વિમાન કેમ રંગવું પડે ? | વિમાન કેમ રંગવું પડે ? |
|---|---|
| ઊડતા જેટના અમુક પાર્ટસ હળવા વજનનાં carbon composite ના બનેલા હોય છે. આ પદાર્થ સૂર્યના પારજાંબલી કિરણોને વેઠી શકતો નથી. વિઘટન પામવા માંડે છે. આથી તે પાર્ટસને રંગનું આવરણ ચડાવવું જ રહ્યું. | વિમાનને પૂરેપુરું રંગવામાં પાંચથી સાત દિવસ લાગી જાય છે. આ દરમ્યાન તે સેવા આપતું નથી. માટે એરલાઈન્સ આવક ગુમાવે છે. |
| એરલાઈન્સની જાહેરખબર તેનું નામ/સિમ્બોલ રંગ વડે રજૂ કર્યા વગર સંભવે નહિ. આ મુદ્દો બિઝનેસના દૃષ્ટિકોણે અગત્યનો છે. | બોઈંગ-747 ને પૂરેપુરું રંગવાથી વજન ૨૫૦ કિલોગ્રામ જેટલું અને બોઈંગ-777 ને રંગવાથી વજન ૨૧૫ કિલોગ્રામ જેટલું વધે છે. વધુ બળતણ ખર્ચાય છે. |
| બાહ્ય સપાટી 'મુલાયમ' થતાં સામી હવાનો અવરોધ/ resistance ઓછો નડે છે. ઈંધણ બચે છે. | આજે અડધોઅડધ પેસેન્જર જેટ લીઝ પર લેવાયા છે. આ હાલતમાં મોટા ભાગની સપાટી કલર રહિત રહેવા દેવી સારી, જેથી લીઝ ની મુદત પૂરી થયે બીજી પાર્ટી એ જૂનો રંગ કાઢવાની લાંબી જફા કરવી પડે નહી. |
| રંગ લગાડયો હોય ત્યાં વિમાનની ધાતુમાં પડેલી fatigue crack/ શ્રાંતિ તરાડ તરત ધ્યાનમાં આવે છે. | ઉપરોક્ત કારણોસર બહુરંગી વિમાનની resale value ઓછી હોય છે. |
| 'નગ્ન' ધાતુ કરતાં તેના પર ચડાવેલું પેઈન્ટનું (ખાસ કરી સફેદ પેઈન્ટનું) આવરણ સૂર્યના કિરણોને પરાવર્તિત કરી દે છે. પેસેન્જર કેબિનમાં હદુપરાંત ગરમી ફેલાતી નથી. માટે એર કન્ડિશનિંગના ખાતે બચત થાય છે. | Indigo પાસે ૧૫૦ વિમાનો છે. રોજના ટેકઓફ અંદાજે ૧,૦૦૦ માટે રંગની કપાતના પ્રતાપે દરેક ટેકઓફ બચત 5 ડોલરની ગણો તો 5 X 150 = $750 વર્ષના દિવસો 365 X $750 = 2,73,750 અને વિમાનની દસ વર્ષની આવરદા લેખે 10 X 2,73,750 = 27 લાખ ડોલર ! Indigo નું દરેક પ્લેન માત્ર ખપ પૂરતું રંગેલું હોય છે. |
| બોઈંગ કે એરબસ જેવા કારખાનામાં નવું બનતું પ્લેન હંમેશા લીલા રંગનું આવરણ ધરાવતું હોય છે. આ રંગ anti corrosive/ ક્ષારરોધક zinc chromate ના પડને આભારી છે. એરલાઈન્સે ડિલિવરી લીધા બાદ તે પડ કાઢીને પોતાનાં નામ–સિમ્બોલ ચીતરવાં રહ્યાં વિમાનનું રંગકામ એટલા પૂરતું જરૂરી છે. | |

# અજબ ગજબ

પૃથ્વી પર દેખાતા અર્ધચંદ્ર કરતા પૂનમના ચંદ્રનો પ્રકાશ નવ ગણો હોય છે એટલે પૂનમની રાત અજવાળી હોય છે.

જન્મથી જ અંધ હોય તેવા લોકોને સ્વપ્ન આવે ખરું પણ માત્ર અવાજ સંભળાય છે દૃશ્ય દેખાતું નથી.

વિશ્વમાં કેમિકલ ઉદ્યોગમાં વપરાતી ચાંદીનો અર્ધોભાગ ફોટોગ્રાફી અને અરીસા બનાવવામાં વપરાય છે.

રશિયા બે મહાદ્વીપો વચ્ચે ફેલાયેલો દેશ છે. પૃથ્વીનો છટ્ઠો ભાગ તે રોકે છે.

વિશ્વની સૌ પ્રથમ ઓલિમ્પિક ઈથોપિયામાં ઈ.સ.૧૮૯૬ માં યોજાયેલી એમાં નવ દેશોએ ભાગ લીધેલો.

રેઈન ફોરેસ્ટમાં લોકો જંગલમાં રાત્રે આગિયા જીવડાને પકડી કાચની બોટલમાં પૂરી દે છે પછી તેનો ફાનસની જેમ પ્રકાશ મેળવવા ઉપયોગ કરે છે.

વિશ્વનું પ્રથમ ઝૂ રોમન સમ્રાટ પહેલાએ ઈ.સ.૧૭૫૨ માં વિયેનામાં બનાવેલું.

ઈટાલીનું વેનિસ શહેર નાના ૧૧૮ ટાપુઓનું બનેલું છે. તેને તરતું શહેર કહે છે. તેમાં ૪૦૦ જેટલા પુલ છે અને લોકો હોડીમાં આવ–જા કરે છે.

પેરિસનો પ્રસિદ્ધ એફિલ ટાવર લોખંડનો બનેલો છે. ઉનાળામાં ગરમીને કારણે તેનું કદ વધે છે અને ઊંચાઈમાં નવ સેન્ટીમીટરનો વધારો થાય છે.

## બંધારણ સભાની કામગીરી
## Working of the Constituent Assembly



9 ડિસેમ્બર, 1946ને સોમવારના રોજ બંધારણ સભાની પ્રથમ બેઠક મળી, પરંતુ મુસ્લિમ લીગે તેમની અલગ પાકિસ્તાનની માંગણી ન સંતોષાતા આ બેઠકનો બહિષ્કાર કર્યો હતો, તેથી આ બેઠકમાં 207 સભ્યો હાજર રહ્યા હતા. બંધારણ સભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે સૌથી વરિષ્ઠ સચ્ચિદાનંદ સિંહાની નિમણૂંક કરવામાં આવી. 11 ડિસેમ્બર, 1946ની બેઠકમાં બંધારણ સભાના કાર્યરીતિ નિયમો પ્રમાણે ડો.રાજેન્દ્ર પ્રસાદ બંધારણ સભાના કાયમી અધ્યક્ષ તરીકે ચૂંટાયા. એચ.સી.મુખરજી અને વી.ટી. કૃષ્ણામાચારી ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાયા. સર બી. એન. રાવ ને બંધારણીય સલાહકારના રૂપમાં નિયુક્ત કરવામાં આવ્યા.

બંધારણ સભાએ ભારતનું બંધારણ તૈયાર કરવા માટે 2 વર્ષ, 11 મહિના અને 18 દિવસનો સમય લીધો હતો. જેમાંથી 114 દિવસ તેણે મુસદ્દા પર વિચારણા માટે ગાળ્યા હતાં.

આ દરમિયાન બંધારણ સભાએ 11 સત્રોનું આયોજન કર્યું હતું. પ્રથમ છ સત્રોમાં ઉદ્દેશય પ્રસ્તાવ પસાર કરવો, વિવિધ સમિતિઓના રિપોર્ટ પર વિચારણા કરવી જેવા કાર્યો થયાં. જયારે પછીના સત્રોમાં મુસદ્દા પર ચર્ચા વિચારણા કરવામાં આવી.

### ઉદ્દેશ્ય પ્રસ્તાવ (Objective Resolution)

13 ડિસેમ્બર, 1946 ના રોજ જવાહરલાલ નહેરૂ દ્વારા બંધારણ સભા સમક્ષ ઐતિહાસિક "ઉદ્દેશ્ય" પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો, જેમાં મૂળભૂત અને બંધારણીય માળખાની ફિલસૂફીનો સમાવેશ થતો હતો. તેમાં સમાવેશ થતા મુદ્દાઓ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે.

ભારતને સ્વતંત્ર, સાર્વભૌમ અને પ્રજાસતાક રાષ્ટ્ર જાહેર કરવાનો તથા ભવિષ્યના શાસન માટે બંધારણ રચવાનો સંકલ્પ કરવો.

ભારત સંઘ એવા પ્રદેશોથી બનશે, જેમાં તત્કાલીન બ્રિટિશ ભારતના પ્રદેશો અથવા દેશી રજવાડામાં હોય તથા એવા પ્રદેશો, જે ભારતની બહારના હોય અને સાર્વભૌમ ભારતમાં જોડાવા ઈચ્છતા હોય.

આવા પ્રદેશો પોતાની તત્કાલીન અથવા બંધારણ સભા દ્વારા નિર્ધારિત થાય તે અને પછીથી બંધારણીય કાયદા અનુસાર સરહદો ધરાવશે અને તે સાથે જ અવશિષ્ટ શક્તિઓ તેમની પાસે રહેશે. આ પ્રદેશો સ્વાયત્ત હોય અને પોતાની સ્વાયત્તતા ભવિષ્યમાં જાળવી રાખે તથા તે એવાં કાર્યો કરશે, જે કેન્દ્રમાં નિહિત ન હોય.

### સાર્વભૌમ ભારત તેની તમામ સત્તા અને શક્તિ લોકોમાંથી મેળવશે. (લોકશાહી)

તમામ લોકોને સામાજિક, રાજકીય અને આર્થિક ન્યાય કાયદા સમક્ષ સમાનતા, તકની સમાનતા, વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, વિશ્વાસ, ઉપાસનાની સ્વતંત્રતાઓ, વ્યવસ્થા, કાયદા અને જાહેર નૈતિકતાને ધ્યાનમાં રાખીને મળશે.

લઘુમતી, પછાત અને આદિવાસી વિસ્તારો અને શોષિત અને અન્ય પછાત વર્ગોને રક્ષણ મળશે. પ્રજાસત્તાક રાષ્ટ્રના ક્ષેત્રની અખંડિતતા તથા તેની ભૂમિ, સમુદ્ર અને વિસ્તાર પર સાર્વભૌમ અધિકારો જાળવશે.

આ પ્રાચીન ભૂમિ વિશ્વમાં તેના યોગ્ય અને સન્માનિત સ્થાનને પ્રાપ્ત કરે અને માનવજાતના કલ્યાણને પ્રોત્સાહન આપવા માટે તેનું સંપૂર્ણ અને સ્વૈચ્છિક યોગદાન આપે.

## બંધારણ સભાની કામગીરી
## Working of the Constituent Assembly



આ પ્રસ્તાવે બંધારણ સભાને માર્ગદર્શન અને તેના કાર્ય માટેનો હેતુ પૂરો પાડયો, જે પ્રમાણે આગળ બંધારણની રચના થઈ.

બંધારણ સભા દ્વારા આ પ્રસ્તાવને 22 જાન્યુઆરી, 1947ના રોજ સ્વીકારવામાં આવ્યો.

જયારે બંધારણ સભાના સભ્યપદ માટે ચૂંટણીઓ થઈ રહી હતી. ત્યારે જ જુલાઈ, 1946ના રોજ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે બંધારણ સભા અંગેનો મુસદ્દો ઘડવા માટે એક નિષ્ણાંત સમિતિની રચના કરી હતી.

તેમાં જવાહરલાલ નહેરૂ, કનૈયાલાલ મુનશી, એમ. આસફ અલી, એન. ગોપાલ સ્વામી આયંગર, કે.ટી.શેઠ, ડી.આ.ગાડગીલ, હુમાયુ કબીર, કે.સંથાનમ એમ કુલ 8 સદસ્યો હતાં.

તેની પ્રથમ બેઠક 20 થી 22 જુલાઈ, 1946ના દિલ્લીમાં તથા બીજી બેઠક 15 થી 17 ઓગસ્ટ મુંબઈમાં કરવામાં આવી. આ સમિતિએ તેમનો રિપોર્ટ 1947 માં બંધારણ સભા સમક્ષ રાખ્યો, જેના પર બંધારણ સભા દ્વારા વિચાર – વિમર્શ કરવામાં આવ્યો. આ નિર્ણયોને આખરી ઓપ ખરડા સમિતિમાં ડો.બી.આર. આંબેડકર અને તેના સ્થાયી સભ્યો દ્વારા આપવામાં આવ્યો.

## ભારત સ્વતંત્ર થયા બાદની સ્થિતિ (After Independence)

મુસ્લિમ લીગ દ્વારા પાકિસ્તાનની માંગણીને કારણે કેબિનેટ મિશન યોજના નિષ્ફળ રહી. તેથી ભારતના તત્કાલીન વાઈસરોય માઉન્ટબેટન દ્વારા "માઉન્ટબેટન યોજના" 3 જૂન, 1947ના રોજ રજૂ કરવામાં આવી. જે આગળ જતાં ભારત સ્વતંત્રતા અધિનિયમ 1947 બન્યો અને બંધારણ સભામાં નીચે મુજબ ફેરફારો થયા. માઉન્ટબેટન યોજના પ્રમાણે ભારત અને પાકિસ્તાન અલગ દેશો થતાં બંધારણ સભાની સભ્ય સંખ્યા 299 થઈ.

બંધારણ સભા સંપૂર્ણ સાર્વભૌમ સંસ્થા બની તથા તેને તેની ઈચ્છા મુજબ કોઈ પણ કાયદો બનાવવા કે બ્રિટિશ સંસદ દ્વારા બનાવાયેલા કોઈ પણ કાયદાને બદલવા કે રદ કરવાનો અધિકાર આપવામાં આવ્યો.

બંધારણ સભાને બે કાર્યો કરવાની જવાબદારી આવી : બંધારણ ઘડાવાનું કાર્ય અને ભારતની સંસદ તરીકે કાયદા ઘડવાનું કાર્ય. આ કાર્યો તે અલગ–અલગ દિવસે કરતી હતી. આમ, બંધારણ સભા ભારતની પ્રથમ સંસદ પણ બની હતી.

જયારે સભા બંધારણ ઘડવા માટે મળતી ત્યારે તેના અધ્યક્ષ ડો.રાજેન્દ્ર પ્રસાદ રહેતા અને જયારે ધારાકીય સંસ્થા (સંસદ) તરીકે મળતી ત્યારે તેના અધ્યક્ષ જી.વી.માવળંકર (ગણેશ વાસુદેવ માવળંકર) રહેતા હતાં.

26 નવેમ્બરે જયાં સુધી બંધારણ ઘડવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ત્યાં સુધી બંધારણ સભાની બેવડી ભૂમિકા ચાલુ રહી હતી. બંધારણ સભા પ્રથમ વખત ધારાકીય સંસ્થા તરીકે 17 નવેમ્બર 1947ના રોજ મળી હતી અને ત્યારે જ જી.વી.માવળંકર તેના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતાં.

# પક્ષીઓના રોમાંચક વિક્રમ



- **સૌથી વજનદાર પક્ષી**

શાહમૃગ વધુમાં વધુ વજન ૧૫૬ કિલોગ્રામ



- **સૌથી બુદ્ધિશાળી**

આફ્રિકન પોપટ ૮૦૦ જેટલા શબ્દો યાદ રાખી બોલી શકે.



- **સૌથી વધુ પાંખનો ઘેરાવો**

આલ્બાટ્રોસ પાંખનો ઘેરાવો ૩.૬૩ મીટર



- **સૌથી નાનું પક્ષી**

હમિંગબર્ડ, ૨૦૪ ઈંચ લાંબુ અને ૧.૬ ગ્રામ વજન



- **સૌથી ધીમું ઊડનારૂં પક્ષી**

વૂડકોક કલાકના આઠ કિલોમીટર



- **સૌથી વધુ સમય ઊડનારૂં પક્ષી**

સુલી ટર્ન, ૩ થી ૧૦ વર્ષ સુધી આકાશમાં જ રહે



- **સૌથી તેજ શ્રવણશકિત**

બાર્ન આઉલ (ઘૂવડ) ઉદરનો સળવળાટ પણ સાંભળી શકે



- **સૌથી મોટી ચાંચ**

ટોકો ટૂકાન. આઠ ઈંચ લાંબી લાલ ચાંચ



- **સૌથી શકિતશાળી**

હર્પી ઈગલ, વાનર અને બકરી જેવા પ્રાણીઓને ઊંચકીને ઉડી શકે



- **સૌથી લાંબી પૂંછડી**

જાપાનના આનાગાદોરી કૂકડા, ૩૫ ફૂટ લાંબી પૂંછડી.



- **સૌથી નાનું ઈંડું**

વેરવિયન હમિંગબર્ડ, તેનું ઈંડુ ૧૦ મીમી લાંબુ અને ૦.૩૫૦ ગ્રામ વજનનું હોય છે.

# ૧૩ ફૂટનો વિરાટ કરચલો જાપાનીઝ સ્પાઈડર ક્રેબ



કરચલા શરીર પર કવચ ધરાવતા દરિયાઈ જીવ છે. આડા પગે ચાલનારા કરોળિયાની અનેક જાત છે. તેમાં જાપાનનો સ્પાઈડર ક્રેબ સૌથી મોટો છે. તેના આઠ પગનો ઘેરાવો ૧૩ ફૂટ હોય છે.

મોટા પગ જ નહીં પણ વજનમાં પણ વિક્રમી છે. તેનું વજન લગભગ ૩૦ કિલોની આસપાસ થાય છે. આ કરચલો સૌથી મોટો અષ્ટપગી જીવ છે. તેના શરીર પરનું કવચ દરિયાના તળિયાના ખડકો જેવા રંગનું હોય છે. તે સમયાંતરે ઉતરીને નવું આવે છે. દરિયામાં તે ૧૬૦ ફૂટની ઊંડાઈએ રહે છે અને ૨૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી જોવા મળે છે.

સ્પાઈડર ક્રેબના આઠ પગ પૈકી આગળના બે પગ હાથ જેવું કામ કરે છે. તેના છેડે પંજા હોય છે. તેની આંગળીઓ શકિતશાળી હોય છે. આ કરચલો નાની માછલીઓનો શિકાર કરે છે. આ કરોળિયા પોતાની જાતને છુપાવવા માટે આસપાસના વાતાવરણમાં રંગીન શેવાળ અને નાના કોટલા ખેંચીને શરીરને રંગીન બનાવે છે. જાપાનના લોકો આ કરચલાને ઘરના એકવેરિયમમાં પણ રાખે છે.

## દરિયાના પેટાળમાં 'વૉક' કરતી માછલી



ઊંડા સમુદ્રમાં રહેતા જીવો આપણી કલ્પના કરતા પણ વિચિત્ર હોય છે. હમણાં એવી માછલી મળી આવી જે માછલી તરે પણ છે અને ચાલે પણ છે !

ચિલીના દરિયામાં સંશોધન કરતી ટીમે સો કરતાં વધુ વિચિત્ર દેખાતી પ્રજાતિઓ શોધી કાઢી છે જે આપણા વિજ્ઞાન માટે તદ્દન નવી છે. તળિયે છુપાયેલી અજાયબીઓ જોવા માટે 5,000 ફૂટથી વધુ નીચે લાઈટ અને કેમેરાથી સજ્જ રોબોટિક અંડરવોટર વાહન એટલે કે ચફઅ મોકલ્યું હતું. ત્યારે લાલ રંગની મોટી આંખો, ચમકતી તેજસ્વી લાલ ચામડી અને 'ચાલી' શકે તેવી માછલી દેખાઈ. વોકિંગ ફિશમાં એક ખાસ પ્રકારની ફિશ જોવા મળી છે. જેના વડે તે માત્ર તરી જ નહીં પરંતુ ચાલી પણ શકે છે. બીજી લાક્ષણિકતા તેના શરીર પર નાની નાની સોય જેવું આવરણ છે. જે તેને રક્ષણ પૂરું પાડે છે. આ સુંદર ડીપ સી એંગલરફિશ દેખાવમાં દરિયાઈ દેડકા જેવી પણ લાગે છે.

પીઠ પાછળ, કયાંક સરેઆમ છેતરે.
બનીને શરીફ અહીં તમામ છેતરે.
તમને છેતરી જાય તમારા જ નામે.
વિચારો કોઈ ! કોઈને આમ છેતરે?
એકાદ હોય તો સાંખી લઈએ દોસ્ત.
આપણને અહીં આખું ગામ છેતરે.
આંખ બંધ કરી કરો વિશ્વાસ જયાં.
એજ નજર સામે ને ખુલ્લેઆમ છેતરે.
જાહેરમાં કરે છે જે અદબ આપની.
મળે જો તક તો બધાં બેફામ છેતરે.

દરેક ને સમજનાર વ્યકિતને કોઈ ના સમજે પછી એ તૂટે,
પછી ઓલા વરસાદ ના છાંટા આંસુ સામે ખૂટે
એને માન સન્માનનો મોહ નથી હોતો બસ ખાલી કોઈ
હાશકારો આપે એવો વ્યકિત હોય જોતો,
પણ એ ન મળે ત્યારે
વ્યકિત ખુદ થી ઠે,
પછી ઓલા વરસાદ ના છાંટા આંસુ સામે ખૂટે.
એને સ્વાર્થ નથી હોતો એને તો નિસ્વાર્થ ભાવે ચાલવું છે.
એને તો હંમેશા દિલ મોટું રાખવું છે.
પણ એ દિલ કોઈ સમજે નહિ અને કાચનું હોય એમ ફૂટે
પછી ઓલા વરસાદ ના છાંટા આંસુ સામે ખૂટે.
દરેક ને સમજનાર વ્યકિતને કોઈ ના સમજે પછી એ તૂટે,
પછી ઓલા વરસાદ ના છાંટા આંસુ સામે ખૂટે.

# Vocab of the Week

- Aversion

a feeling of repugnance toward something with a desire to avoid or turn from it. If you have an aversion to someone or something, you dislike them very much.

- Synonyms

hatred, hate, horror, disgust

- Sentence 1

Many people have a natural and emotional aversion to insects.

- Sentence 2

No one is more averse to borrowing money than he is.

- Yardstick

If you use someone or something as a yardstick, you use them as a standard for comparison when you are judging other people or things.

- Synonyms

standard, measure, criterion, gauge

- Sentence 1

She never had a boyfriend before and so had no yardstick by which to compare Charles's behavior.

- Sentence 2

There has been no yardstick by which potential students can assess schools.

## પ્રશ્નોતરી

(૧) કોના પેશ્વારાજ હેઠળ મરાઠાઓએ બંગાળ પર ચઢાઈ કરી હતી ?

(A) બાલાજી વિશ્વનાથ (B) બાજીરાવ–1
(C) બાલાજી બાજીરાવ (D) રઘુજી ભોંસલે

(૨) મરાઠી સતામાં સર્વપ્રથમ પેશ્વા કોણ હતાં ?

(A) શાહુ (B) બાલાજી બાજીરાવ
(C) બાજીરાવ–1 (D) બાલાજી વિશ્વનાથ

(૩) ખોવાયેલ તુઆમ શહેર કયા દેશમાં મળી આવ્યું હતું ?

(A) સાઉદી અરેબિયા (B) ઓમના
(C) કતાર (D) સંયુકત આરબ અમિરાત

(૪) "ચેનાબ રેલ બ્રિજ" કયા પ્રકારનો રેલ પુલ છે ?

(A) ટ્રસ બ્રિજ (B) બિમ બ્રિજ
(C) કમાન પુલ (D) ઝૂલતૂં પુલ

(૫) 800 અને 1000 વચ્ચે કેટલા પૂર્ણવર્ગ પૂર્ણાંકો છે ?

(A) ૩ (B) ૪
(C) ૫ (D) ઉપર પૈકી એકપણ નહીં

## કહેવતની કરામત

### કાગનું બેસવું ને ડાળનું ભાંગવું – આકસ્મિક પરિણામ આવવું

વાકય : ટીવીનું રીમોટ આમ તો પપ્પા પાસે રહે છે પણ એકવાર મેં ચેનલ બદલવા માટે હાથમાં લીધું તો રીમોટ જ બંધ થઈ ગયું. કાગનું બેસવું ને ડાળનું ભાંગવુ એવું થયું. પણ ત્યારથી પપ્પાએ મારા હાથમાં રીમોટ આપવાનું જ બંધ કરી દીધું."

### બળતામાં ઘી હોમવું – ઉશ્કેરણી કરવી

વાકય : રાજેશથી શ્યામના સ્કૂટર ખરાબ થઈ જવા બાબતે શ્યામ ઉશ્કેરાય ગયો હતો, હજી તેને માંડ શાંત પાડયો હતો ત્યાં "શ્યામ ભાઈ તમારું સ્કૂટર તો સાવ ખરાબ થઈ ગયું?" કહીને રમીલામાસીએ બળતામાં ઘી હોમ્યું.

# મનુ ભાકરે ઈતિહાસ રચ્યો, એક ઓલિમ્પિકમાં બે મેડલ જીતનારી ભારતની પ્રથમ એથ્લીટ



મનુ ભાકરે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં બે મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો.

તેણે ૨૦૨૪માં પેરિસમાં યોજાયેલ ગ્રીષ્મકાલીન ઓલિમ્પિકમાં મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ રમતમાં કાંસ્ય પદક જીત્યો હતો, જે ઓલિમ્પિક ૨૦૨૪માં ભારતનો પ્રથમ મેડલ હતો અને તે કોઈપણ ઓલિમ્પિકમાં મેડલ જીતનારી ભારતની પ્રથમ મહિલા નિશાનેબાજ બની હતી.

તેણીએ ૧૦ મીટર એર પિસ્તોલ મિકસ ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ જીત્યો હતો. આ ઈવેન્ટમાં મનુની સાથે સરબજોત સિંહ તેની ટીમમાં સામેલ હતો. આઝાદી પછી મનુ એક ઓલિમ્પિકમાં બે મેડલ જીતનારી પ્રથમ ભારતીય એથ્લેટ બની છે.

૧૦ મીટર એર પિસ્તોલ મિકસ ટીમ ઈવેન્ટમાં મનુ ભાકર અને સરબજોત સિંહની જોડી બ્રોન્ઝ મેડલ માટે કોરિયાની વોન્હો અને ઓહયે જિનની જોડી સામે ૧૬–૧૦ના સ્કોર સાથે મેચ જીતી લીધી હતી.

મનુ ભાકર હરિયાણા સાથે એક અલગ સંબંધ ધરાવે છે. મનુ ભાકરનો જન્મ ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૨, હરિયાણાના ઝજ્જર જિલ્લાના ગોરૈયા ગામમાં થયો હતો. મનુ ભાકર નાનપણથી જ શૂટિંગ પહેલા બોકિસંગ, સ્કેટિંગ, એથ્લેટિકસ, ટેનિસ અને જુડો કરાટે જેવા અન્ય સ્પોર્ટ્સમાં પણ રસ ધરાવતી હતી. મનુ ભાકર પોતાની સફળતા પાછળ તેના માતા–પિતા અને કોચ જસપાલ રાણાને માને છે. મનુ ભાકરના પિતા રામ કિશન ભાકર મર્ચન્ટ નેવીમાં ચીફ એન્જિનિયર છે અને તેની માતા સ્કૂલમાં આચાર્ય છે.

## પેરિસ ઓલિમ્પિકમાં જીત્યો ત્રીજો બ્રોન્ઝ



શૂટર સ્વપ્નિલ કુસલેએ ૫૦ મીટર રાઈફલ થ્રી પોઝિશનમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. સ્વપ્નિલ કુસલ એ ૪૫૧૪ પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તેણે વિશ્વના નંબર ૧ શૂટરને હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

કોલ્હાપુરના આ ૨૯ વર્ષના શૂટર માટે આ પ્રથમ ઓલિમ્પિક હતો. આ ખેલાડી ૧૨ વર્ષથી ઓલિમ્પિક માટે કવોલિફાય કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો અને જયારે તેને પેરિસમાં તક મળી ત્યારે તેણે ઈતિહાસ રચી દીધો.

# પેરિસ ઓલિમ્પિકમાં જીત્યો ત્રીજો બ્રોન્ઝ

૧. શૂટિંગમાં ભારતનો પહેલો મેડલ એથેન્સ ઓલિમ્પિક ૨૦૦૪માં રાજ્યવર્ધનસિંહ રાઠોડે જીત્યો હતો.





૨. અભિનવ બિન્દ્રાએ ૨૦૦૮ બેઈજિંગ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

૩. લંડન ઓલિમ્પિક ૨૦૧૨માં વિજય કુમારે સિલ્વર મેડલ અને ગગન નારંગે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.






૪. પેરિસ ઓલિમ્પિક ૨૦૧૨માં મનુ ભાકરે સિંગલ્સમાં ૧ મેડલ અને સરબજોતસિંહ સાથે મળીને ૧ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

૫. સ્વપ્નિલ કુશાલે ૫૦ મીટર રાઈફલ થ્રી પોઝિશનમાં બ્રોન્ઝ જીત્યો.



## HELP JOHN TO GET HIS HOODIE BACK





## SPELLING WORD SEARCH

- SUN
- SUNBLOCK
- PLAY
- WAVES
- HOT
- SAND
- FUN
- BEACH
- SHELL
- PINEAPPLE
- WATER
- UMBRELLA

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| S | U | N | W | A | N | P | U | A |
| U | S | B | A | E | I | P | L | H |
| N | H | T | T | W | C | L | S | O |
| B | E | N | E | U | E | A | A | T |
| L | L | W | R | R | D | Y | N | N |
| O | L | N | B | O | T | S | D | F |
| C | A | M | B | E | A | C | H | U |
| K | U | W | A | V | E | S | C | N |
| K | I | N | E | A | P | P | L | E |

# 15 AUGUST


PANCHSHIL SCHOOL
सुंदर है जग में सबसे,
नाम भी न्यारा है,
जहां जाती - भाषा से बढ़कर,
देश - प्रेम की धारा है,
निशचल, पावन प्रेम पुराना,
वो भारत देश हमारा है ।
78th
HAPPY INDEPENDENCE DAY









# JANMASHTAMI













# JANMASHTAMI











# KHO-KHO UNDER - 17





# PRATIBHA SANMAN
















# PRATIBHA SANMAN














# PRATIBHA SANMAN

















# PRATIBHA SANMAN


















# RAKHI COMPETITION













# RAKHI COMPETITION















# RAKHI COMPETITION















# RAKHI COMPETITION
## K.G. PARENTS













# RAKHI COMPETITION
## K.G. PARENTS











# 10 AUGUST
# WORLD LION DAY
















# 10 AUGUST
# WORLD LION DAY









# પંચશીલ સ્કૂલ



ઉપરના સોશ્યિલ મીડિયા આઇકન ઉપર કલીક કરી આપણી સ્કૂલ સાથે કનેક્ટ થઈએ